**ક્રિમીનલ કેસ નં.          /**

## // આંક–૧ લગત હુકમ //

**(૧)** વિ. એ. પી. પી.શ્રી ની સદરહું કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ અન્વયે પરત ખેંચવાની પુરસીસ તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરાનો તારીખ ૦૫/૦૭/૨૦૨૧ ના પત્ર ક્રમાક નં .ઈ.સી/આમર્સ/વશી/૧૧૦૦૦૦૧૧૨૫/૨૦૨૧ નો હુકમ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ તથા આરોપી/આરોપીઓ વિરુઘ્ધનો ગુનાનું તહોમત ઘ્યાને લીઘું.

**(૨)** સદરહું કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય, ડોરમેન્ટ ફાઈલ ઉપર પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેના કારણે આ કેસ પેન્ડીંગ રહેલ છે. આરોપી શોઘવા પ્રયાસ કરવો સમય શકિત અને નાંણાનો વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસોમાં પુરતુ ઘ્યાન આપી ગંભીર પ્રકારના કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે જાહેર હીતમાં અને ન્યાયના હિતમાં સદર કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ અન્વયે પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

**(૧)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૧ અનવયે વિ. એ. પી.પી.શ્રી.ને સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી સદરહું કેસ વિથડ્રોથી ફેંસલ કરી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧(ક) અન્વયે આરોપી સામેના ગુનાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદરહું કેસમાં મુદ્દામાલ અંગે થયેલ વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૨ અન્વયે ઈન્કવાયરી કરી હકકદાર વ્યકિતને મુદ્દામાલ પરત સોંપવાની કાર્યવાહી કરવાનો અને જો છ મહીનાની અંદર કોઈ હકક દાવેદાર હાજર ન થાય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૭ અન્વયે કિંમતી મુદ્દામાલ રાજય સરકાર વેચી શકશે અને તેના વેચાણની ઉપજની ઠરાવવામાં આવેલ રકમ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવ છે અને બીન કિંમતી મુદ્દમાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૦ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ સ્પે સીટીંગ/લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૭/૨૦૨૧
વડોદરા.

(પ્રિયંકા જૈમિન સુરનતી)
૭માં એડીશ્નલ જયુ. મેજી. ફ. ક.,
વડોદરા.
કોડ નં. જીજે.૦૧૫૭૦